# બોલ્ડ અને બિન્દાસ છતાં... રાધિકાને બીક શેની?



બંગાળી, તમિલ, મરાઠી અને તેલુગુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલી અભિનેત્રી રાધિકા આપ્ટેએ 'વાહ! લાઈફ હો તો ઐસી!' જેવી કોમિક ફિલ્મ દ્વારા હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો હતો. ફિલ્મો પસંદ કરનાર રાધિકાએ 'બદલાપુર', 'માંઝી : ધ માઉન્ટેન મૅન', 'ફોબિયા', 'પાર્ચ્ડ', 'પૅડ મૅન', 'અંધાધુન' જેવી ફિલ્મોમાં નોંધપાત્ર અભિનય કર્યો છે. તે ફિલ્મોમાં બોલ્ડ સીન આપવા માટે જાણીતી છે અને તેના કારણે તે ઘણી વાર વિવાદોથી ઘેરાયેલી રહે છે. હંમેશા પોતાની બિન્દાસ એટિટ્યુડથી અને પોતાના પ્રભાવશાળી અભિનયથી તેણે લોકોનાં દિલ પણ જીત્યાં છે. પરંતુ હાલમાં તેણે પોતાની સાથે બનેલી એક ઘટનાની વાત આપણી સાથે શેર કરી છે, જે સાંભળીને આપણને ક્રોધ અને દુઃખ બંને લાગણી થાય છે. રાધિકાએ પોતાની સાથે બનેલી આ ઘટના જણાવીને સિનેમા ઉદ્યોગમાં એક્ટ્રેસની કેટલી સુરક્ષાનું ધ્યાન રાખવામાં આવે છે તેના પર સવાલ પણ ઉઠાવ્યો છે.

રાધિકાએ જે બનાવ વિશે વાત કરી છે તે હકીકતમાં તો ઘણા વર્ષો પહેલાં તેની સાથે બન્યો હતો. ફિલ્મ 'પાર્ચ્ડ' માટે આદિલ હુસેન સાથે જે ઈન્ટિમેટ સીન શૂટ કર્યું હતું તેનો વીડિયો વાઈરલ થઈ ગયો હતો. તેના કારણે તેણે ભારે ટ્રોલિંગ અને આલોચનાનો સામનો કરવો પડ્યો હતો. તેને તે બનાવનો એટલો આઘાત લાગ્યો હતો કે તેણે તેના વિશે જાહેરમાં વાત કરવાનું પણ ટાળ્યું હતું. હાલમાં જ્યારે તે નેટફ્લિક્સ પર આવતી સિરીઝ 'ધ લસ્ટ સ્ટોરીઝ' કરી રહી હતી ત્યારે તે એક એક્ટર સાથે ઈન્ટિમેટ સીન આપતી વખતે કેટલા પડકારોનો સામનો કરે છે તે વિશે આપણી સાથે ખુલ્લેઆમ વાત કરે છે. તે જણાવે છે કે, "અમે ઈન્ટિમેટ સીન કરવા વિશે વાત કરી રહ્યા હતા. આ વિશે મારે એક વાત જણાવવી છે કે એક વાર મારા શૂટિંગના એક ઈન્ટિમેટ સીનનો વીડિયો વાઈરલ થઈ ગયો હતો. હું એટલી ગભરાઈ ગઈ હતી કે મારા ઘરમાંથી હું ચાર દિવસ સુધી બહાર નીકળી નહોતી. ડર એ વાતનો લાગતો હતો કે તે વીડિયો જોઈને લોકો કેવો પ્રતિભાવ આપશે તેની ખબર હોતી નથી. તેઓ નારાજ પણ થઈ શકે છે અને મારા ઘરની ડોરબેલ પણ ગમે ત્યારે વગાડી શકે છે. આ કામ ઘણું જટિલ છે. મને યાદ છે કે મારા સ્ટાઈલિસ્ટે મને કહ્યું હતું કે તેનો ડ્રાઈવર તે ક્લિપ જોવાનું બંધ કરી શક્યો નહીં અને તેને પૂછતો રહ્યો કે 'તમે તેના ઘરે જઈ રહ્યા છો?' વળી, મારા ચોકીદારે પણ તે ક્લિપ જોઈ. આવી ઘટનાઓ બનવા લાગી અને તેને સંભાળવી ઘણી મુશ્કેલ હોય છે." રાધિકા તેના ઘરમાં એકલી રહેતી હોવાથી તેને પોતાની સુરક્ષા અંગે ચિંતા થઈ અને તે માટે તેણે પોતાની ટીમ મેમ્બર્સની મદદ માંગી. તેણે કહ્યું, "મેં મારા ડ્રાઈવર અને સ્પોટદાદાને બોલાવીને પૂછ્યું કે મારી એક ક્લિપ લીક થઈ છે. શું તમે તે જોઈ છે? જો ન જોઈ હોય તો હું તમને તે મોકલું છું. તે જોઈને તમે જ નક્કી કરો કે જો તમે તે જોઈને મારી સાથે સ્વસ્થ રહી શકો છો તો તમારે મારી સુરક્ષા કરવી પડશે. અને જો તમે મને સ્વીકારી ન શકતા હોવ તો હું તમને તમારો પગાર આપી દઈશ, તમે જઈ શકો છો." અને તેમણે કહ્યું કે, "અમે તમારી સુરક્ષા કરવા તૈયાર છીએ."

ટૉક ઑફ ધ ટાઉન

આટલું પૂરતું ન હોય તેમ આ વીડિયો લીક થયા બાદ એક પ્રેસ મીટમાં રાધિકાને પૂછવામાં આવ્યું કે, "શું તેણે ન્યુડ વીડિયો પબ્લિસિટી માટે લીક કર્યો હતો?" આવા સવાલના જવાબમાં રાધિકાએ કહ્યું હતું કે, "ફિલ્મમાં સ્ક્રિપ્ટની જરૂરિયાત હોય તો તે સ્કિન શો કરવામાં નાનમ કે શરમ અનુભવતી નથી. અને રહી વાત વિવાદ અને પબ્લિસિટીની તો તમે તે વીડિયો જોયો અને તમે તે બીજાને શેર કર્યો. અન્યાયનો શિકાર હું થઈ અને મીડિયા વાળાઓ અને વ્યૂઅર્સને કારણે તે વિવાદનું સ્વરૂપ લીધું. એટલે, મીડિયાને કારણે તેની પબ્લિસિટી થઈ છે, તેમના કારણે વિવાદ બને છે." આમ, તેનો વીડિયો લીક થયો હોવા છતાં રાધિકાએ પોતાનો બોલ્ડ મિજાજ તો કાયમ જ રાખ્યો છે. વીડિયો લીક થયો તેના બે વર્ષ બાદ, રાધિકાની ફિલ્મ 'ધ વેડિંગ ગેસ્ટ'માંનો દેવ પટેલ સાથેનો પણ એક વીડિયો લીક થયો હતો. તે સમયે તેણે પરિસ્થિતિના બેવડા ધોરણો અને સ્ત્રીદ્વેષનો વિરોધ કર્યો હતો, કારણ કે ક્લિપ દેવના નામથી નહીં પણ તેના નામથી શેર કરવામાં આવી હતી. આમ પણ, જે પણ એક્ટ્રેસનો આવો કોઈ વીડિયો લીક થાય છે તેમાં મોટાભાગે વ્યૂઅર્સ જે-તે એક્ટ્રેસને જ દોષી માને છે, પછી ભલેને તે વીડિયોમાં મેલ એક્ટર પણ તેટલો જ સહભાગી કેમ ન હોય! આ વિશે રાધિકાની 'લસ્ટ સ્ટોરીઝ'ની કો-એક્ટર્સ રાધિકા મદન અને વિજય વર્મા વધુ પ્રકાશ પાડે છે. રાધિકા મદન કહે છે કે, "ઈન્ટિમેટ સીનનું શૂટિંગ કરતી વખતે એક એક્ટ્રેસને આ ડર હંમેશા સતાવતો રહે છે કે કોઈ વીડિયો લીક ન થઈ જાય! પરંતુ, તે આપણા હાથમાં નથી. આપણે ફક્ત ભગવાનના ભરોસે અને ફિલ્મની ટીમ પર ભરોસો રાખીને જ કામ કરવું પડે છે. છતાં, કેટલીક વાર આવી ક્લિપ સેટ પરની જ કોઈ વ્યક્તિ લીક કરી દે છે. ખરેખર આ પરિસ્થિતિમાં તમારા હાથમાં કશું હોતું નથી. જેમની નજર જ ખરાબ હોય તેને આપણે કેવી રીતે સુધારી શકીએ? આજકાલ, AIને કારણે કોઈના પણ ફેક વીડિયો વાઈરલ થઈ શકે છે. તમે સાઈબર પોલીસની મદદ લઈ શકો છો, પરંતુ જે લોકો આવી માનસિકતાથી વીડિયો લીક કરતા હોય છે કે જે દષ્ટિકોણથી જોતા હોય છે, તેને આપણે બદલી શકતા નથી." તો વળી, વિજય વર્મા પણ કહે છે કે મેલ એક્ટરને પણ આવા લીક વીડિયોની આડઅસર થાય છે. તે કહે છે કે, "'લસ્ટ સ્ટોરીઝ ૨'નો તે સમયની ગર્લફ્રેન્ડ તમન્ના સાથેનો વીડિયો વાઈરલ થઈ ગયો હતો. પરંતુ, જો હું આ ડર કામ કરતી વખતે પણ રાખું તો હું મારા કાર્યને ન્યાય ન આપી શકું. મારે આ વિચાર છોડીને મારા કામ પર જ ધ્યાન કેન્દ્રિત કરવું પડે."

> જે પણ એક્ટ્રેસનો આવો કોઈ વીડિયો લીક થાય છે તેમાં મોટાભાગે વ્યૂઅર્સ જે-તે એક્ટ્રેસને જ દોષી માને છે, પછી ભલેને તે વીડિયોમાં મેલ એક્ટર પણ તેટલો જ સહભાગી કેમ ન હોય!

આ તો થઈ રાધિકા આપ્ટેની વાત, જે બોલ્ડ ઈમેજ માટે જાણીતી છે. સોશિયલ મીડિયા પર આવી તો કેટલીય એક્ટ્રેસના ફેક વીડિયો પણ હોય છે, જેઓ ઈન્ટિમેટ સીન આપતા નથી. તેમ છતાં, જે એક્ટ્રેસ બોલ્ડ અને બિન્દાસ હોય છે તેમણે વધારે સહન કરવાનું આવે છે. આમ જોવા જઈએ તો, આવા વીડિયો સેટ પરની જ વ્યક્તિ લીક કરતી હોય છે. એક વિશ્વાસ મૂકીને એક્ટર્સ ઈન્ટિમેટ સીન આપતા હોય છે અને ઈન્ડસ્ટ્રીની વ્યક્તિ જ તેમનો વિશ્વાસ તોડે છે અને વીડિયો લીક કરી દે છે. આ બાબતમાં જે-તે એક્ટ્રેસને દોષ દેવાને બદલે વીડિયો લીક કરનાર ઈન્ડસ્ટ્રીની વ્યક્તિને દોષી ગણવી જોઈએ. કારણ કે તેની સંકુચિત માનસિકતા અને ખરાબ દષ્ટિકોણને કારણે જ આવા વીડિયો વાઈરલ થતા હોય છે. તો ખરેખર વિવાદનું મૂળ તે વ્યક્તિ હોય છે. આ સાથે, જે-તે ડિરેક્ટરની પણ જવાબદારી બને છે કે તે એક્ટર્સને આવા સીન દરમિયાન સુરક્ષાનો અનુભવ કરાવે અને તેમને વિશ્વાસુ વ્યક્તિઓને જ સેટ પર રહેવાની અનુમતિ આપે. આ પ્રકારની જવાબદારી જો ડિરેક્ટર્સ લેતા થઈ જાય તો રાધિકા અને તેની સાથે અન્ય એક્ટ્રેસને પણ બોલ્ડ સીન આપતી વખતે સેફ્ટીનો અનુભવ થશે અને તેમને ડરના કારણે ઘરમાં પુરાઈ રહેવું ન પડે. •

## SRK ના 5000 પાંચસો કરોડ બન્યા



શાહરૂખ ખાન જ્યારે એક સુપરસ્ટાર નહોતો બન્યો ત્યારની તેની અજમેર શરીફની મુલાકાતને તે યાદ કરે છે કે દરગાહ પર તેના 5000 રૂપિયા ખોવાઈ ગયા હતા અને એક ફકીર બાબાએ તેના વિશે ભવિષ્યવાણી કરી હતી કે તે એક દિવસ 500 કરોડ રૂપિયા કમાશે.

શાહરૂખ કહે છે કે, 'જ્યારે મારી કારકિર્દીની શરૂઆત પણ નહોતી થઈ ત્યારે હું મારી માતાને લઈને અજમેર શરીફની દરગાહ ગયો હતો. મારી માતા બીમાર હતી અને તેમની તબિયત સારી થઈ જાય તેવી દુઆ કરવા માટે અમે બંને અજમેર શરીફની દરગાહ પર ગયા હતા. મેં દરગાહ પર ચઢાવવા માટે ચાદર લીધી હતી અને મને મારી માતાએ 5000 રૂપિયા પણ આપ્યા હતા, જે કોઈક રીતે મારાથી ખોવાઈ ગયા. હું તે શોધતો હતો ત્યારે એક ફકીર બાબા સામેથી આવીને મને પૂછ્યું કે શું હું મારા 5000 રૂપિયા શોધું છું? તે સાંભળીને મને આશ્ચર્ય થયું અને તેમણે કહ્યું કે મેં ભલે 5000 રૂપિયા ગુમાવ્યા છે, પણ હું અહીંથી ખાલી હાથે જવાનો નથી. ભવિષ્યમાં હું 500 કરોડ રૂપિયા કમાઈશ.'

આ સાંભળીને શરૂઆતમાં શાહરૂખને વિશ્વાસ થયો નહીં. તે વધુમાં જણાવે છે કે, 'આ પ્રકારની વાત પર આપણે જલ્દી વિશ્વાસ કરતા નથી. પરંતુ, મારી સાથે તે વાત સાચી બની છે. હું અજમેર શરીફથી ખરેખર ખાલી હાથે પાછો નહોતો આવ્યો. આ ઘટનામાં પૈસા મહત્વના નથી. પૈસા સિવાય મને જીવનમાં ખ્યાતિ અને બીજી ઘણી સારી વસ્તુઓ મળી છે. અમે ત્યાં મારી માતાની તંદુરસ્તી માટે ગયા હતા. મારી માતા આજે ભલે નથી, પરંતુ તેમના આશીર્વાદ અને અજમેર શરીફની દુઆ મારી સાથે હંમેશા રહી છે.'

શાહરૂખનું માનવું છે કે ક્યારેક આપણને અમુક ઘટનાઓનું મહત્વ સમજાતું નથી, પરંતુ પછીથી અનુભવ થતાં આપણને તેનું મહત્વ સમજાય છે. •

બોલિવ્લોગ વિથ પૉપ

## કરીનાએ બાળકો પાસેથી ફોન કેમ ખેંચ્યો?



કરીના કપૂર ખાન તેના બાળકો તૈમુર અને જેહના સ્ક્રીન ટાઈમને લઈને ઘણી અપસેટ થઈ જાય છે. કરીના તેના બાળકોના ડિજિટલ ડિવાઈસ અને સ્માર્ટફોનના ઉપયોગને લઈને ઘણી ચિંતિત રહે છે. આ વિશે કરીના કહે છે કે, 'આ એક બાબત છે કે જેમાં હું ઉશ્કેરાઈ જાઉં છું. સૈફ આ બાબતમાં ઘણો રિલેક્સ અને શાંત રહીને પરિસ્થિતિ હેન્ડલ કરે છે. પરંતુ, મને ગુસ્સો તરત આવી જાય છે.'

તૈમુર તેની નેનીના ફોનને પોતાનો ફોન ગણાવે છે. તે પોતાના મિત્રોને પણ તેની નેની ફોનને પોતાનો ગણાવીને નંબર આપે છે. હું તેને તેમ કરવાની ના પાડું છું. પરંતુ, તે પછી દલીલ કરે છે કે, 'તમે અને અબ્બા પણ તો ફોન પર જ વાત કરતા હોવ છો જ્યારે હું અને જેહ રમતા હોઈએ છીએ.' મારે પછી તેમના હાથમાંથી ફોન ખેંચીને લઈ લેવો પડે છે.'

'સૈફ એક શાંત અને ઠંડો પ્રતિભાવ આપે છે. તે મને પણ શાંતિથી હેન્ડલ કરવાની સલાહ આપે છે, પણ હું તેને પણ થોડા સ્ટ્રિક્ટ થવાની સલાહ આપું છું. તે નથી ઈચ્છતી કે સમય પહેલાં તેમને ન જાણવાનું પણ જાણવા મળી જાય. તેમનું બાળપણ બને તેટલું જળવાઈ રહે તેવું હું ઈચ્છું છું.' 'આજે AI અને ટેકનોલોજી એટલી આગળ વધી ગઈ છે કે તેની સાથે ચાલવું જરૂરી બની જાય છે. પરંતુ, તેના બાળકોના ભવિષ્યના ભોગે કે તે ભયાનક સ્વરૂપ લઈ લે ત્યાં સુધી જવા નથી માંગતી. આ મુદ્દા પર તે ચોક્કસ અને સુરક્ષિત અન્ય કોઈ રસ્તો શોધવા માંગે છે.'

કરીના પોતાની વ્યસ્ત કારકિર્દી સાથે માતા તરીકેની જવાબદારી પણ સંભાળી રહી છે. તેણે પરિવારને પ્રાથમિકતા આપી છે અને પોતાના કામની સાથે સાથે પરિવાર અને બંને પુત્રો તૈમુર અને જેહ માટે પણ સમય કાઢી લે છે. •

## માધવનને લગ્ન છુપાવવાનું ન ગમ્યું



આર. માધવન જ્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યો ત્યારે ઘણા ઓછાને ખબર હશે કે તે વિવાહિત છે. R. માધવન જ્યારે તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યો અને તેની પહેલી મણિ રત્નમની ફિલ્મ 'અલાઈપાયુથે' રિલીઝ થવાની હતી તે પહેલાં જ તેના લગ્ન થઈ ગયા હતા. પરંતુ, તેને પોતાના લગ્નની વાત છુપાવવાનું જણાવવામાં આવ્યું હતું. પરંતુ, જ્યારે તે ફિલ્મ રિલીઝ થવાની હતી ત્યારે ફિલ્મના લીડ એક્ટર આર. માધવનનાં લગ્ન થઈ ગયા છે તે વાત છુપાવવાનું કહેવામાં આવ્યું હતું. વર્ષ 2000માં તેની આ ફિલ્મ રિલીઝ થવાની તૈયારીમાં હતી તે પહેલાં જ માધવને સરિતા બિર્જે સાથે લગ્ન કરી લીધા હતા. પરંતુ, આ વાત ફિલ્મની પબ્લિસિટી ટીમ માટે ચિંતાનો વિષય બની ગઈ.

માધવન યાદ કરતાં કહે છે, 'મને મીડિયા વાતચીત દરમિયાન મારા લગ્નની ચર્ચા ન કરવાની સલાહ આપવામાં આવી હતી, કારણ કે તેમનું માનવું હતું કે દર્શકો એક રોમેન્ટિક લીડ હીરો વિવાહિત છે એ વાત સ્વીકારી શકશે નહીં અને ફિલ્મ ફ્લોપ થવાની શક્યતા વધી જશે.' આ કારણસર માધવન થોડો અનકમ્ફર્ટેબલ ફીલ કરવા લાગ્યો. તેણે આ વાત સીધી ડિરેક્ટર મણિ રત્નમને કરી અને જણાવ્યું કે તે લગ્નની વાત છુપાવવા સાથે સહમત નથી. તેમણે માધવનને તેને જે ઠીક લાગે તે કરવા કહ્યું. માધવનને તેના લગ્નની વાત છુપાવવાનું ઠીક લાગ્યું નહીં. તેનું માનવું હતું કે તેણે સરિતા સાથે લગ્ન કરીને કશું ખોટું કર્યું નથી કે તેણે તે વાત છુપાવવી પડે. 'જો હું આ વાત જાહેરમાં સ્વીકારી ન શકું તો તે મારી પત્નીનું અપમાન ગણાશે. લોકો મને રોમેન્ટિક હીરો તરીકે સ્વીકારે કે ના સ્વીકારે, હું મારી પત્નીનું અપમાન સ્વીકારી ન શકું. એટલે હું જે સાચું છે તે જ કહીશ.' આખરે, પબ્લિસિટી ટીમની માન્યતા ખોટી પડી અને લોકોએ માધવનની ફિલ્મને અને માધવનને રોમેન્ટિક લીડ હીરો તરીકે સ્વીકારી લીધો.•